કંચનના કકડા.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

જેશીંગભાઇ મોતીલાલ શાહ.

રીચીરોડ—અમદાવાદ.

અમદાવાદમાં

ધી રત્નસાગર પ્રિન્ટીંગ પ્રેસમાં શા. અમરતલાલ
જેશીંગભાઇએ છાપ્યું.

આવૃતી ૨ જી. પ્રત ૧૦૦૦

સંવત ૧૯૬૯ સને ૧૯૧૩

કીંમત આઠ આના.

કંચનના કકડા.

૧ સુરદાસ.

દાસપરે દયા લાવો રે, દયાળુ દેવા દાસપરે લાવો,
સંસારી સબંધ તોડી, જીવ આપ ચરણે જોડી;
હું તો બની બેઠો બાવો બાવોરે, દયાળુ દેવા દાસપરે દયા લાવો.
આંખ વીનાનું સંકટ એવું, ખાડા માંહી ગોથાં ખાવું;
ચારે અવીનાશી આવો આવોરે, દયાળુ દેવા દાસપરે દયા લાવો.

૨ સુરદાસ.

આંખ વીના અંધારૂરે, સદાય મારે આંખ વીના અંધારૂ.
કોઇ કહેશે લાલ લીલું આ ધોળુંને આ પીળું;
મારે મન સઘળું ખારૂ ખારૂ રે, સદાય મારે આંખ વીનાનુ અંધારૂ
કોઇને જગ લાગે ખારૂ, કોઇને લાગે નઠારૂં,
મારે મન જીવતર ખારૂ ખારૂરે, સદા મારે આંખ વીનાનું અંધારૂ.

૩ નરસીંહ મેહેતો.

વહાલા વેગે આવોરે, દયાદીલ લાવોરે, બીડું મારી ભાગવા હોજી.
નહિ આવો તો છાના ઉઘાડું હું છીદ્ર વહાલા;
હિંડામાં ઉછળી, ગોવાળીઆમાં વાશ.
ખાંધે કાળી કામળી, માગી પીતા છાશ;
હું રાખું તમથી હાવો રે બીડું મારી ભાગવા હોજી.
એ માના બે બાપના, નકટા નીર્લજ બાળ;
મહિમાખણના ચોરણ, કંસ તણા છે કાળ.
સોડ તજો રાંધા તણી, દુરિજન આપે ગાલ;
ધીરા વેગે ધાવો રે, બીડું મારી ભાગવા હોજી.

૪

સમજ સત્કર્મ કરીલો ભાઇ, કાયા આકાલ જશે કરમાઇ;
રામ ગયા રાવણ ગયોને, ગયા કૃષ્ણ ગયો કંસ.
બળવીર પણ બળહીણ બન્યા, જ્યાં કઠણ કાળનો ડંસ સમજ;
સ્વારથ તણો સંસાર સુઠ સું, માયામાં રહ્યો મોહી.
કાળ ઝપાટ ઝાપટસે ત્યારે, રહીશ રાકડા રોઇ, સમજ

માત તાતને ભ્રાત ભગીની, કોઇ નવ સાથે જાય;
પાપ પુન્યએ પ્રભુ દરબારે, ત્રાજવા માંહી તોલાય. સમજ.

૫ પવિત્ર લીલાવતી.

કરી વેશ્યાની યારી ઉભા અટારી, ભાભી અમારી પેલા તમારા પ્રાણ;
જાવો થાઓ ભૈયારી, ભાભી અમારી પેલા તમારા પ્રાણ,
વીંછીનો આંકડો વેશ્યા છે વસમી, જો જો ન થાએ જાણ.
જાણશે તો ઝેર આંણશે જાગુ, કરશે રાંડ રોકાણ,
જુએ જલકી ઝારી, હાથમાં ધારી બેઠા અટારી. પેલા તમારા પ્રાણ.

૬ લીલાવતી.

ઘટઘટમાં તીરથ રહયો, ઘટમાં આતમારામ,
પ્રેમી મન તીરથ વસો, પ્રીતમ સાલીગરામ.
દાઝયો ભુંડા દુધથી, છોડે છે શીદ છાશ;
સાહસ કરતાં પ્રાણીઆ, સુખનું સત્યાનાશ

૭ હરિશ્ચંદ્ર.

ઇંદ્ર સાંત થાઓ સાંત થાઓ, તમે રૂષી રાય.
કરો નહિ કલેશ કાંઇ, પોતાના રે કાંય,
ધીરા થઇને સાંભળો, મારી એક વાત;
સરત કરો બંને જણા અત્રે એક સાક્ષાત,
હારે બંને જણમાં કોઇ આપે તપ ફળ.
ખાલી કલેશ શાને કરો, થઇને આપ શીકળ,
વી કબુલ કબુલ કબુલ સર્વ છે અમારો રાય;
ટારે અમ બેમાં તેનું. તપ

૮ જુગલ જુગારી.

અમો અબળાને માયા વ્હાલીરે વ્હાલીરે વ્હાલી,
પ્રીતી વહાલી રે અમોને વસ્ત્ર કસવો ઘરેણા ઘડાવો
મોતીડે મડાતો મન ખાલીરે ખાલીરે ખાલી મન ખાલીરે—
નેહની નગરે નાથજી મારી નારી બને ઘેલી રે
કાલી રે કાલી ઘેલી કાલી રે—અમો

૯ જુગલ જુગારી.

વહાલમજી સાડી ગુલાબી મંગાવો.
પોલકા બનાવો મોતીડાં ટંકાવો.
બંગડી બે હીરાની, મોંઘી મઢાવો.—વહાલમજી.

સાખી.

સુરતમાંજ જણાય છે, ધુતારાના ઢંગ;
જેવો વાનો પુરશો, તેવો ચડશે રંગ.
હાસીના હુલ્લાસમાં રસીલી તારી રીસાઇ એ—વહાલમજી

૧૦ કરણઘેલો.

ચાહે તું ધીક્કાર માર પ્યારમાં બોલાવીને,
પ્યારમાં બોલાવી પ્રાણ સુખમાં ડોલાવીને—ચાહે.
ચુક પડી ક્ષમા કર કઉલા હવે,
શાંતિ તું પમાડ વિરહ અગ્નિને ઓલાવીને—ચાહે
તારા સમાન નથી વહાલી બીજી મને,
માન મુક માનીતી મન મદને બોલાવીને—ચાહે

૧૧ કળાવતી.

સ્વામી મળવાની લાલ, ચહાય આ પ્રાણીરે. સ્વામી.
તુજ આધારે જીવન દોરી, કરો શું વખાણ સ્વયંવરલાણ.
તારે હાથ પ્રાણ, લેજે મારા પ્રાણ.
પ્રાણ પ્રાણ પ્રાણ સ્વામી.
હવે ચાલો. બહુ ગાળો વખત ઠાલો, જરી બાલો.
કોક પકડે, બાજી બગડે, થશે !હાણ સઉ ટાલો. સ્વામી.

૧૨ ખુને નાહક.

મોહનીયા પ્યારી સનમસે મલાવો
જો ચાહો જો માગો વોહી મોસે પાવો
એહ મુંહ કાલા ઓર મસાલા જાકે ખુશકા ખાવો
મચજલા હું પરકમે તુમ ઓર ન આગ લગાવો
જનમ એહ ગુન ગાતુ બીનતી સદા મય કરૂ.

૧૩ મુળરાજ સોલંકી.

સનનન સોહે સાવરીયા શામ
પ્યારે પ્યારે નયનામે વારી વારી જાઉ. સનનન
એક તો ડાલે પીયા મુખડેપે આગલ દુજે દીખાવે ઉગલીઓઆરામ
તીજ ભરે મોરી છવીયાપે, ચુટકી કયા જાદુ ડાલે ગુજરીયા શામ
તીજ ભાગે મોરા જીયા લુભાવે નયનોકી કારી પતગાયા રામ
ભાયો હોજી ન અટ્યાં મગરે છોડો હમારી ડગરીયા શામ

૧૪ સુદરવેણી.

બોનનના રંગમાં ઝુલે.

રમશો ના એકશ મન મોહનની સંગ—રંગમાં.
છબુકી કરતી છગબગી ઢપકો દે થઉં ઢંગ.
તુજ શમનાના શરમ સુગીએજે જે મચાવીશ જંગ—રંગમાં.
મંદન રંગથી પ્રફુલિત થાશે અંપાએલ આતંગ
મહાલશું ચાલશું પ્રીતમ પ્રીત પણ નહિ આવે ઢંગ રંગમાં.

૧૫ રાજબીજ.

ગણે જુદાઇ પ્રાણ બની શીદ અણજાણ
મળી આનંદ લ્હાણુ ચાલ ચમન ઉડાવ.
તું છે છબીલી નાર, થાર હું રંગીલો ભરતાર
બન્યું જોડુ નીરધાર મણી કુંદન જડાવ
ઢાંક માથાની વેણુ, કાળી નાગતણી ફેણુ,
પ્યારી અણી આલાનેણુ જરા ધીરે નચાવ
વાગ્યો કલેજે કારી ઘાવ, દુખ દેણુ ભારી.
જરા થા દયાળુ પ્યારી, મને મરતો બચાવ
જોયું જ્યારથી આ મુખ, કામ આપે બહુ દુખ,
ગયો ચોર મારૂં સુખ, પ્રિયે પાછુ અપાવ.

૧૬ સતી અનસુયા.

હાંહાંરે સંતો સંત સમાગમ મોટો, હાંહાં૦
જેનો ત્રીભુવનમાં નહીં જોટો—જોટોરે—સંતો.
કરવો હરિભજન વ્યાપાર (૨)
જેમાં કદી ન આવ તોટો—તોટોરે—સંતો.
જગમાં જાયું તે જાવાનું (૨)
કરતાં ખળ ખોરબો ખોટો—ખોટોરે—સંતો,
ધરવું ધ્યાન હરીનું સાચું (૨)
એ વીજુ સઘળો ગરબડ ગોટો—ગોટોરે— સંતો.

૧૭ મદન વસંત.

કહુ વાત હું વિગતે વિચાર, વનિતા વખત વધુ ન લગાડ
કર ધરીને કરવર પ્યાર વનિતા લખત વધુ ન લગાડ
રંગે રમાડું સંગે જમાડું, પ્રીતિ ચખાડું રીતિ દેખાડું,
રસમાં ઝુલાવુ નાર, વનિતા વખત વધુ ન લગાડ,
વિધ વિધ સાડી પહેરાવું હાડી કમખાને ચોળીને ચણીયોને વાળી
હાર હીરાનો મોળ સુવાળી ઝાંઝર ઝુમખા મોતીની વાળી
અપાવું પકવાન ચા તું તો જાડી પગમાં મેં એકને જોડે વાળી

ચકચાતે ગાડીને ફરવાને વાડી હું તારા લાડો ને તું મારી લાડી
હું તારો પાડો ને તું મારી પાડી
મીઠા મીઠા મેવા ને જોઇને જોઇને લેવા
લહેરાજીના વીવાહ નહી ખાવા કે પીવા
તું ચાલને થા તઇયાર-વનિતા-કેહુ.

૧૮ સુરદાસ.

બીલ્વ—આ તારા વચનો સારાં સ્નેહે સાંભળતાં
શાંતી પામ્યું છે મન મારૂં રે આજે—
જગની જંજાળમાંથી બળતા બચાવોજી
ધન્ય ગુરૂ ચિંતામણી ધારૂ રે આજે—
ચીન્તા—ભક્તિ ભગવાન કેરી કરતાં હમેશાંજી
થવાનું ત્વરાએ શુભ તારૂં રે—શાણા
બીલ્વ—આ તારાં વચનો સાચાં.

૧૯ ભક્તિવિજય.

મને વ્રજવાસ છે વ્હાલો, કરો શિદ આગ્રહ ઠાલોરે
સગાં સહોદર માત ને તાતના ફોગટ છે સહુ ફંદ,
આનંદમુર્તિ નંદકુમારની સ્નેહે ધરી સુખકંદ.
પાયો મને પ્રેમનો પ્યાલોરે. કરો૦
અધમ સ્વામીને લેજો ઉગારી, બહુ વિધ આપી બોધ;
આપની ભક્તિ નહીં કદી ભુલથી નહિ કરૂ અવરોધ.
મીરાં ચીતોડમાં ચાલોર. ક૦
ભુધરને ભજી દુર ધરી મેં દુનિયાની દરકાર;
પ્રાણ જતાં પણ હું નહિ ચુકું લાલની પ્રિત લગાર.
ખોટા સહુ જગના પ્યાલોરે.

૨૦ ભક્તિવિજય.

મારા રંગીલા ગીરિધરલાલ આવ્યા રૂડું રૂપ ધરી,
દાસી મીરાંને દિનદયાળ ભેટો વેગે ભાવ ધરી,
જાણ્યું નથી જેણે હજી શુદ્ધ તમારૂં સ્વરૂપ,
કરશે એ દિલમાંહી, હું તો આનંદ પામીશું અનુપ—ભેટો—મીરાં
જળ સ્થળમાં હું જોઉં છુ, તમને ત્રિભુવન નાથ,
ડરવાની નથી ટેવ હું તો બળથી દોડીને ભરૂ બાથ. મીરાં.

૨૧ ભક્તિવિજય.

ઘેલી ઘેલી હું તો ઘેલી થઇ, હું વ્હાલા નંદલાલ —

નામ લઇ રે એનું નામ લઇ હું તો વખત વીતાવું એનું, નામ લઇ
આ રે સંસારીયાનું સગપણ છોડી રે (૨).
રઢ રસ સાથે રાચી, રહી, વહાલા
લગની લાગી છે મને લટકાળા લાલથી રે (૨)
જપું કાનુડાની માળા કરમાં ગ્રહી વહાલા.

૨૨ જયરાજ.

મોહન આવો મલપતાને, પોઢો પ્રેમે પલંગ,
અંગ ફુલ્યાં નવરંગ અમારાં, રાચ રમોને રંગ.
સલુણા સાહેબાજી હો, મોરે મન મોહની લાગી રાજ.
આજ ભરી ભર રંગ તમોને છાંટું છબીલા છેલ
ચઉદ બ્રહ્માંડ શકિત બને એવા ખાતે બતાવું ખેલ–સ૦
એક છબી છે આપની એવીજ સુરજ કોટી સમાય.
પીરસી પીરસી કંચન થાળું હરખ હૃદયે ન સમાય–સ૦

૨૩ સુરદાસ

હું તો ભજન કરીશ હરીનું, સદા સુખે—ભજન
આ સંસાર આગસમ લાગે મિથ્યા ફાંફાં મારી હારી.
નહી કોઇને કહેવા તમારી વાત આ બધાઉં છું.
રાખો ભરસો હૃદયમાં, હું દેવના સમ ખાઉં છું
છોડો ક્ષમા લાવી મને, ઝટ અહિંથી જાવા દિઓ
સંતો તણા સહવાસમાં, ગુણ કૃષ્ણના ગાવા દિઓ

૨૪ સુરદાસ.

મેં ભયનો છોડયો બાસ, નયનો કરીને ન્યારા.
ઘટ ઘરમાં કરજો વાસ, પ્રીતે પ્રભુજી પ્યારા—ટેક
વીઠલ વહાલું બીરદ વીચારી, આ સેવકને લેજો ઉગારી
વ્યાધી વીદારી ચરણે સ્વીકારી ટાળે હરો મુજ ત્રાસ રે–મેં ભયનો
આંખ વીના અતીશય દુખી થાશે જીંદગી આની શી રીતે જાશે
થાયે હવે શું ગભરાયે હવે શું શાને બનો છો ઉદાસરે

૨૫ સતી દ્રૌપદી.

શામળીઆજી કરજો મારી સહાયરે
વ્હાલા ગરૂડે ચડીને વેલા આવજો રે
શામ સલુણા સુભદ્રાના વીર રે
આ દીન બાળાની લાજ રખાવું રાખજો રે
[illegible] છે વાત જેવી નથી કોઇ મારૂં બેલી.

વા'લા તુજ ગુણની ઘેલી દાસી દુખમાં ડુબેલી,
દુખીની દાદ ને ફરીયાદ ; અંતર લાવજોરે
કઉરવ કર્મ ચંડાળ દુસીયાસન નિર્દય અરે,
જોતા પાંચ ભરથાર પાપી પટકુળ તાણતો;
વા'રે આવોને દયા દીલ લાવોને
નાથ છું અનાથ નારી ભરુસો છે ભુધર ભારી,
જેવી તેવી છું તમારી વા'લા દેસો ના વિસારી
હેતે હળધરજીના વીર આવી ઉગારજોરે.

૨૬ સુરદાસ.

વ્હાલા વ્રજલાલ સાથે લાગીરે લગનીયાં મ્હારી મહારાજ
પ્યારી છબી શામળાની સ્થાપી ઘટ ઘરમાં મેં તો
એને હાથે છે મારી લાજ
વંદ્રાવનમાં ફરતા ધરતા વરતા આ આ......વ્હાલા,
હઇડે નીત હેત ધારી બંધુ ; હળધરના
હું તો સેવું છોડીને બીજા...વંદ્રા......આ વ્હાલા,

૨૭ સતી દ્રૌપદી.

ગોવીંદ ગુણ ગાઓ રે નરનાર,
ગોપાળ ગુણ ગાવો રે નરનાર
ગીરીધરશ્રી ધરશ્રી મુરલીધર
નામથી નેહ લગાવો રે—હાં નેહ લગાવોરે.
મારૂં તારૂં મિથ્યા ભ્રમાની કૃષ્ણ કૃષ્ણ કહે જાવો રે. રે૦
અધમ ઉધારણ ભવ જળ તારણ,
નિરભય નામથી થાવો રે ભય નામથી જાવો રે. રે૦

૨૮

જાગરે જીવ સંભારને શ્રીહરી શઠ થઈ શું સુતો સોડ તાણી
પોટલાં પાપનાં બાંધીયા સાથ નવ જ્ઞાનુ વઇરાગની વાત જાણી—
દિવસે ચોદિશ ભમ્યો રાત નિદ્રા વિશે સ્વપ્નમાં સભારે ખોટી માયા
જન્મીને જીવનનો સાર જાણ્યો નહી નવ ઘડી એક ગોવીંદ ગાયા
મોહમાં રહી મચ્યો પ્રપંચમાં તું પચ્યો ચિંતામણી એળે ખોયો
ચાહ્યું કરતો નથી ધાર્યું કરવું પડે અંતે પસ્તાઇ પસ્તાઇ રોયો.

૨૯ મીરાંબાઇ.

હરી મારા હવે રહેજો પ્રભુ મારી પાસે રેહેજો
મીરાંને [illegible] વાલા રામ મને દીલનો વિશ્વાસ છે

મીરાંબાઇને મારવા જ્યારે રાણે હઠ લીધી રામ—મને
ઝેરના પ્યાલા મીરાંબાઇએ અમૃત કરી આરોગ્યા રામ—
જુનાગઢના ચોકમાં જ્યારે નાગરે હઠ લીધી રામ—મને૦
નરસિંહ મહેતાની હુંડી લઇને દ્વારીકામાં દીધી રામ—મને૦
સબરી કેરાં એઠાં બોર પ્રેમે કરી આરોગ્યા રામ—મને૦
ત્રણ ભુવનના નાથ રામને મીરાંબાઇએ ગાયા રામ—

૩૦ વિક્રમચરિત્ર.

નજર કરો નાથ જરા ઓળખી લ્યો નારી,
શું હું બીજી કે કંથ આપનીજ પ્યારી—નજર૦
હેમ પ્યાલો હાથમાં ને મહી મીઠું દુધ.
પીયુ સામા પાસથી શું તેની ભુલ્યા શુધ
કોણ હતી એ તે કંથ દુધ પાનારી—નજર૦

૩૧ સદેવંત સાવળીંગા.

વહેલા ઉઘાડો દ્વાર, સદેવંત વહેલા ઉઘાડો દ્વાર,
એકલી બીહું છું હું બહાર, સદેવંત વહેલા ઉઘાડો,
માટે લગાડો ન વાર, સદેવંત વહેલા ઉઘાડો—ટેક,
છે મનથી તુજ મશ્કરી, જીવજ મારો જાય
ઉભી રહું આંહી એકલી, તેમ તેમ હૃદય ચીરાય—સદે૦
માત પિતા મેં પરહર્યાં, તજી નાત ને જાત,
તમ અરથે બની ઘેલડી, આખી આજમ રાત—સદે૦
હવે હદ થઇ વાલમાં દરશન દો ઝટ આપ
શકિત સહન કરવી નથી, તમ વિયોગ કેરો તાપ—સદે૦

૩૨ નંદ બત્રીસી.

મન ભુલાવે મન લોભાવે, મન ચકડોળે મન ચડાવેજી;
શુધ પવિત્ર નિરમળ આતમા, કાદવે રંગરોળાવેજી,
જોવાનું તે નવ દે જોવા, નહી જોવાનું બતાવજી
અમરત મુકી વીખને વળગે નરક મહી રોળાવેજી
વારૂ વનીતા વીશ મહી છે, કોઇ ગોરી કાળીજી,
તૃપ્તિ છે સંતોષ મહી નથી, સુખકર રૂઢ ભાળોજી—

૩૩ ઉમાદેવડી.

આજે ગગન ગરરર ગગન ગરરર ઝબકે વિજળીયો ઝરરર,
વરસે વરસાદ ઝરમર વરસાદ ઝરમર વિયોગીનાં નીર ચરરર
—૦ અરરર સ્વામી મોડે મેલે [illegible]—આજે૦

હરીયારી ઝુકી બહી, હરીઆળા વળી વન,
હરીયાળુ ગ્નેમમાં,
અરે વીરહે ઉઠે છે અંગનરે સજની મદન પીડા કયાં કહીએ
બાળા રહીએરે મનમાં મુંઝાઇએ--સજની૦
નદીઓ ખરરરર નાસતી સાગર સ્વામી પાસ
મોર મયુરીને મળે
ચટપટ લાગે રે આવે સમે ભોગી ભેટવા રે
માતાજી મેર કે કરે, કુંવારી કોડે કરગરે
ગર્જ્યો મદન મહાવીર, ગર્જ્યો મદન મહાવીર,
થઇએ માતાજી અમે થરરર--ગાજે૦

૩૪ વીણાવેલી.

રે અડીઆળા રઘુવીર જગદાધારજો
આજીજી આ અબળાની અવધારજો રે
હુ દીન બાળા કોપ્યા કંથ કુમારજો
વાદળ વરસે રૂધીર મુશળ ધારજો
ભલે આ જીવ જાય બ્રહ્માંડ માંય
કદી નાથ આજ્ઞા લોપીશ નહિ
સતી સંત જીવે પતિ ગુણ ગાઈ
સતીની ગતી છે પતિ હાથ સ્હાઇ
રે દીન બધુ--જાળવજો ભરથાર જો
છેવટના છે પ્રણામ પ્રાણાધારજો

૩૫ ભકતરાજ અમરીસ.

ચાલ ચાલરે મારા સમ ભસીયા,
તારી ઠમકતી ચાલ મને બહુ ગમતી,
વાંકી પુછડી નથી સીધી વળતી
તારો કઠણ બોલ ત્રાંબીઆનો તોલ,
તુ તુ તુ કોલ આપરે વહાલા વસ વસીયા. ચાલ૦

૩૬ ભકતરાજ અમરીસ.

જાદુથી ભુલાવે છે આ ભાન, નટખટ બહુ કર પિછાન, (જાદુથી૦
હુશરો છે કે ઠગારો કોઇ, મોત વિણ મરવા આવ્યો નાદાન
ઠગાઇથી ઘુસ્યો ઘરમાં આતો,
જોઇ જોનુ મુખ મારો જીવડો જાતો.
(ચાલીને હું આપો બાપનું શુધ ખાપ, તારો વર ઠીક કહું

આવું અહીંક કર)
(અને રોયા ધરમ્યારો, જો વહુ તારિમી, ખડ મુખે ખા લાજી મર
આપણે પજતથી રહીએ બાપુડી આવું ના કહીએ
દુર હઠ પાજી છોડ પતરાજી.
ઠીક, ઠીક, ઠીક.
વારે મારા ઘુઘરાળા, લટકારા ચટકાળા વ્હાલજી વાલમજી
ટોપડુ ઝાલજે અમથુડા આનુ-જઈ
ગરદન મારીયે મ્હોમાં ડુચો દઈ;
ફ્રુટ છોકરાં,
જા ઠગ ...
મુક ડોક મારી ફકુ છું ગઈ ભાંગી.
લ્હાવો લીયો શેઠ મેં માગી લે, લે, લે,
ચાલો મરતીયા અમથુડા એને જવા દીએ,
એ તરવન હેવાન.

૩૭ ભક્તરાજ અમરીષ.

મોહનજીને મળવા તલપે મારૂ ચીતરે,
પ્રેમની આંખો પ્રેમની પાંખો;
પ્રેમના ગાઉં મુખે ગીતરે—મોહનજી.
સાગર સંગે સરીતા ઉમંગે
મળવા દોડે ધરી પ્રીત રે—મોહનજી.
પ્રેમે મળશું ધ્યાનમાં ભળશું,
વહેલા વળાશું હાં ખચીત રે—મોહનજી.

૩૮ જગતસિંહ.

દુનિયામાં નથી કોઈએ દીઠો પ્રેમ કીનારો,
સાગર મઢી હુદનો પ્રેમી કોઈએ ન ઉગાર્યો—દુનીયા૦
મતલબમાં મુઝાએલો ભમર એમ ભર્માયો,
પ્રેમાંધ બની પુષ્પ કમળમાં એહ બીડાયો—દુનીયા૦
પંખી પરદેશી પ્રેમ વગડે જઈને મુઝાયો,
ઝાડીમાં મળી વાટ નહિ એમ અથડાયો—દુનીયા૦
આ મિત્ર મળે બોમીઓ, આવે હવે આરો,
નહીંતો મરાએલા છીએ એ બળદ બીચારો—દુનીયા૦

૩૯ ભક્તરાજ અમરીષ.

આવી સુંદર છે મારા નાથ—મારો નાથ રે

ભક્તમણી એ દાસ કૃષ્ણનાથજી,
ગુણસાગર એ નટવર નાગર;
મોહી અમર વરને સોંપ્યો હાથ (૩) રે—ભક્ત૦
કરવાને મનના બાગનો તન,
સંસાર કરીશું એનો સાથ (૩) રે—ભક્ત૦

૪૦ નંદ બત્રીસી.

જાગી જોને તું જીવડા, અલ્યા જાગી જો જરી;
સુતો શું અભાગી, સુખના સ્વપ્નમાં ઠરી (૨) જાગી.
સ્વારથનું સગપણ સંસારે, તેમાં મુઢ તું શું લપટાએ,
કહું શું મુરખડા હજુ માયા ના ગરી,
ચાહના ચીતની ના ચળી, તૃષ્ણા તનની ના ટળી—જાગી.
પરે મરણના માથે રે ફેરો સુકૃત કરીને ભવજળ તરીએ;
માનવ દેહ મોંઘો ઘેલા મળશે ના ફરી
ગાંડા મળશે ના ફરી, ગુમાની મરશે ના ફરી
વય તો જાયે છે વહી, તે ચીતમાં કાં નહી—જાગી.

૪૧ નંદબત્રીસી.

આ સ્વપ્ના સમ સંસાર સમજી લ્યોને શાણા,
દુર્લભ માનવ અવતાર અવની મહી એ પુરાણી.
બાળપણું રમતા ગુમાવે,
જુવાનીમાં લંપટપણું બાવે;
વૃદ્ધપણાએ જીવ લોભે તણાએ, રટે નહી કીરતાર રે—આ૦
મરણ શ્વાસ જવ ચાલુ થાયે,
કૃત્ય કુડાં નજરે ઉભરાયે;
પીડાક ભારે, પસ્તાય પાપી, ત્યારે આંસુ વહે ચોધાર રે—આ૦

૪૨ રમારણજીત.

મહી વેચવા હાલી હું તો મહી વેચવા હાલી,
મારગે પલકારા મારતી ફર ફુલી ફાલી;
જુવાનીયાની નજર પડતાં લાગુ બહુ વહાલી.
પ્રેમ પરખી પરણું હું તો મોડું ન હાલી માલી—હું તો૦
મારી માણીગર મરદપર માં કર કરડી આંખ
પોપટ પડ્યો પ્રેમ પાંજરે પાળ ગમે તોડ પાંખ;
પાળીએ નહી અમે પોપટડા, આદરના સારતાર,

અડીએ નહી બળખામણુંને રહે તે પડતું મુકાર;
સીફને થકા ખાસ તું ધાયલ સીફને ધકા ખાસ,
તારા જેવા તો પગ માટે પણ હછ ન તાલીરે—હું તો૦

૪૩ રમાદેવી.

જરા નાચોજી નજરેથી યાર, હાંરે જરા ખેલોજી નખરેથી યાર,
તેરી મેરી જોડી બની મઝેદાર—જરા૦
ચાલું મટાથી મહાલુ અટાથી, એનો ઇશકબાજીનો વહેનાર—હાંરે
હરે નેન મીલાવોને પ્રેમ શીખાવોને ઓર લુટાવોનેજોબનનીગાગીબહાર
હજી લટકેથી આવોને મટકેથી આવોનેઓર સુણાવો ઝાંઝરનો ઝમકા
ઉહું હું ઉહુંહું યાર, ઇશકના જોજો દેદાર—રંગીલા૦

૪૪ લીલાવતી.

અવર મદન અલબેલો આતો દીસે અવર મદન અલબેલો.
શરદ પુનમના સુધાકર સરખો, આજ નગરમાં ઉગેલો—આતો૦
મનોહર કસ્તુરીઆ મૃગ માફક, જોરે ઝરૂખે ઝેલો—આતો૦
હું નીરભાગી નાથ તજી મુને, વેસ્યા આવાસે વસેલો—આતો૦
ધન ગુણીકા ધરણી તળ સુજને, પ્રીય કર્યો મમ પરણેલો—આતો
ચંદ ચકોરને મધુર મેઘ સમ, મુજ મન રંગ રહેલો—આતો૦
મધચારી વેશે મને નહી જાણે, મમ છળ છેલછબીલો—આતો૦

૪૫ વીણાવેલી.

હા માનેલી માતેલી છકેલી છોકરી તારૂં ઉતારૂં ગુમાન,
હા ચઢીને ચઢી તું છેક ચઢી ભુલી નાના મોટાનું ભાન;
પહેલાં પાણી પીને ઘર પુછે, પછી એનો મહાઅજાણ—હા,
લાડ લડાવીએ બાળપણે, પછી કરે અપમાન,
પાલી ભુલી ભાન કદાપી સ્વાન રહેતું નુકશાન.
આય કુપાત્ર ને પ્રીતીનું પાત્રજ, રહેશે આપો ભવ દુખનીધાન

૪૬ નવલકુસુમ.

ભરી ભરી પ્રીતીની પ્યાલી પીજો ને પીવરાવજો—ભરી ભરી
લટકે ને મટકે રસીલી રસીયાને રીઝાવજો—લટકે
જીવનનો લહાવો લેજોજી, જોબનનો લાવો દેજોજી,
રસનાના રંગ તરંગમાં, ઝલજો ને ઝલાવજો—ભરી
બની તુમ સુખ રસીલી રે, પીઉ સુખસુખ રસીલીને,
જોબનના બાહુમાં રે, ફુલજો ને ફુલાવજો—ભરી

૪૭ **લીલાવતી.**

આજ આવી રાજ હજુરમાં કરજોડીને કરૂં વીનતી—ટેક.
એક કામસેના વેશ્યા અહીં આવી શતરૂ તે તો મારી સહી
રાત દીન ઘેર તેને રહી, મમ પુત્રની બગડી મતી—આજ
કુળમાં કલંક કપુતથી, આમને જરી ગાંઠતો નથી,
એથી આપને કરૂં અરજ આ, મુકી ભેટણું પદ ભુપતી
હુકમે હમારી પીડા હરી, ગુણીકા ' કરી,
અમ પુત્ર અપાવીએ થાઓ રાજ . ચડતી રીતી—આજ

૪૮ **સતી અનુસયા.**

મારે મંદીરે પધારો યોગીરાજ મહારાજ,
ભોજન કરાવું મન ભાવતા;
ઘેબર ઘારી જલેબી શીરો સુખડી,
મોતીચુર ને મેસુર ભાગે ભુખશું;
ચક્ષુ તતઓરે કાચલી વડી, તમ કાજ—ભોજન
નેહે નીપજાવું શાક ભાત ભાતના,
રૂડાં રાઇતાં બનાવું જાત જાતનાં,
અતી જુક્તિથી પીરશું પ્રીતે ધરી આજ—ભોજન૦

૪૯ **સતી અનુસયા.**

મારે મ્હોડો મનાવી રાજી કહેવરાવી;
કલ્લાવી પટાવી પુછો શું તમે (૨)
ફુલ સુગંધીવાળાં રૂડાં રંગે રૂપાળાં,
તેની મીઠી સુગંધી કોને ના ગમે;
કોને ના ગમે—મારે
લીલાં પીળાં ઝાડ પાન—ઉપર પંખી કરે ગાન;
રાજ કાને સાંભળવાં કોને ના ગમે;
કોને ના ગમે—મારે

૫૦ **કબીરદાસ.**

રામ નામ તું ભજલે પ્યારે, કાયકુ મગરૂબી કરતા હે
કચી મટીકા બંગલા તેરા, પાવ પલકમે ઢળતા હે
બ્રાહ્મણ હોકર પુરાણ વાંચો, સ્નાન તરપન કરતા હે.
સર્વ કાલ સુચીત રહે તો, ઓ કયાં સાહેબ મીલતા હે
જોગી હોકર જટા વધારે, હાલ મસ્તમેં રહેતા હે,
ઉપર ધરે કર હાથ સુકાવે, ઓ કયાં સાહેબ મીલતા હે—રામ
મુલ્લાં હોકર બાંગ પુકારે, વો કયા સાહેબ બહેરા હે

જગંમ હોકર લીંગ બંધાવે, ઘરઘર લેકર ફીરતા હે
શંખ બજા કર ભીક્ષા માગે, ઓ કયાં સાહેબ મીલતા હે
કહત કબીરા સુન ભાઇ સાધુ, મનકી માલા જપતા હે
ભાવ ભક્તિસે ધ્યાન ધરત હે, ઉનકુ સાહેબ મીલતા હે

૫૨ મીરાંબાઈ.

મુખડાની માયા લાગીરે, મોહન તારા મુખડાની માયા લાગી.
મુખડું મે જોયું તારૂં, સર્વ જુગ થયું છે ખારૂં
મન મારૂં રહ્યું ન્યારૂ ન્યારૂ રે—મોહન તારા.
સંસારીનું સુખ એવું ઝાંઝવાના નીર જેવું.
તેને તુચ્છ કરી ફ્રીએ રે—મોહન તારા.
સંસારીનું સુખ કાચુ, પરણીને રંડાવું પાછું,
તેને ઘેર સીદ જઇએ રે—મોહન તારા.
પરણું તો પ્રીતમ પ્યારો, અખંડ સૌભાગ્ય મારો,
રાંડવાનો ભે ટાળ્યો રે—મોહન તારા.
મીરાંબાઈ બલિહારી, આસા એક મને તારી,
હવે હું તો બઠ ભાગી રે—મોહન તારા મુખડાની.

૫૨ કબીરદાસ.

રામ ઝરૂખે બેઠકે સબકા મુજરા લેત
જેસી ઉનકી ચાકરી, એસાં ઉનકો દેત.
મન મરે માયા મરે, મરમર જાત શરીર,
આશા તૃષ્ણા ના મરે, કહે ગયા દાસ કબીર
કબીરા તેરી કોટડી ગલકટે કે પાસ
કરેગા સો પાવેગા, કોણ બેટા કોણ બાપ
અજગર કરે ન ચાકરી પંખી કરે ન કામ,
દાસ કબીર યું કહે સબકા દાતા રામ.

૫૩ સુરદાસ.

વિષય વાત મમ માત તજીને, કૃષ્ણ ભજન તું કરવા દે.
ધર્મ વૃત્તિ એ ધરણી ધરતું, ધ્યાન મતીથી ધરવા દે.
અધમપણાને અલગ રાખી, ભંડાર ભક્તિના ભરવા દે.
નટવર નામનું નાવ મળ્યું છે, તો ભવસાગર તરવા દે.
નાશવંત નર નામ છોડીને, અક્ષય વરને વરવા દ—વિષમ.

૫૪ ઉદયભાણ.

કરનારારે જરી જોને તપાસી તારી કાયા
કાચના અંમર છે તેમ તપાસો

કાચી છે કાયા આ માટીની માયા માટીનાં ખેલ બનાયા
શાણા તો સમજી અલગ થયા પણ બાળક બીચારા લપટાયા રે
લાખોની પાંખો ગઈ છે વીખરાઇ જેણે મુછપર લીંબુ ઠરાયા
કાળના કોવાડાથી કોણ બચ્યું છે હોય ભલે રંક મહારાયારે—રે
સંધ્યાના જેવા રંગ સોનેરી વંધ્યાના લાડ લડાયા
જોબન ને તન ધન તેવા સમજવા પાણીમાંના પડછાયારે રે

૫૫ વીણાવેલી.

અરે શું માનવનો અભીમાન પલકમાં ટળી જશે રે
ખરે જેમ પીપળ ઉપર પાન પલકમાં ખરી જશે રે
પલકમાં ખરી જશે રે માટીમાં મળી જશેરે
ઘડી જીવતરમાં ઘડી એક સુખની ના આ......રે નથી
મુઢ મમતામાં તોએ મરતા આ......રે મથી
પામર નર નાદાન. ......અરે.
કાયા કલેવર કારમું છે ગંદકીનો ગાડવો.
સમજુ જને સમજી થઇ અભિમાનને વણુસાડવો
અભીમાન ફણીધરને નહીં દુખ પાઇને પોષાડવો
રાવણ સરીખે માનથી લીધો નથી કાંઇ લાડવો

૫૬ મીરાંબાઇ.

કાનુડો ન જાણે મારી પ્રીત બાઇ અમે બાળ કુંવારારે—કાનુડો.
જળરે જમનાનાં તીરે હું તો ભરવાને ગઇતીરે
કાનુડે ઉશાડયાં આછાં નીર છાંટયાં છરરરરરર –કાનુડો.
જમનાને કાંઠે વાલે રાસ રચ્યો છે
સોળસેં ગોપીનાં ઝાલ્યાં ચીર ફાટયાં છરરરરરર—કાનુડો.
હું તો વરણાગી કાના તમારા રે નાગનીરે
કાનુડે તાકીને માર્યાં તીર વાગ્યાં સરરરરરર—કાનુડો.
બાઇ મીરાં કહે છે પ્રભુ ગીરધરના ગુણ વહાલા
કાનુડે બાળીને કીધા ખાખ ઉડી ફરરરરરર—કાનુડો.

૫૭ માનસિંહ અભેસિંહ.

જળ ભરવા હું ગઇતીરે સાહેલીની સંગે
આડા આવીને ઉભારે કુંવરજી નવરંગે
જળ ભરવા સર્વે ગયા એ વાડી મોઝાર
થઇ ઉભા દરવાન તે બંને રાજકુમાર
રોકી રાખી સાસુજી રે અમો સહુ પનીહારી
નામ પુછીને આઇ રે કીધા ઠઠા ભારી—

શરમાઇ ઉભા રહ્યાં શું અમ? અબળા જોર
વિનંતી કાંઇ સુણી નહી દેખાડી નીજ તોર
તેથી અમો હાર્યા રે આખર એક સાહેલી·
નામ દીધુંજ મારૂં રે ત્યારે દીધા મેલી—જળ.

૫૮

સંસારીયામાં કોઇએ બતાવો નર સુખીયાજી]
રાજા પણ દુખીયાને, પ્રજા જન [દુખીયાજી
દુખીયા જગતમાં જુવાનીયા—સંસારીયા.]
આશા ત્રણુપમાં બંધાણા જીવડાજી,
એક બીજાને લડાવીયા રે—સંસારીયા.]
મનમાં મનોરથ મોટા મોટા બાંધીનેજી.
અધમે આદરે અભાગીઆ રે—સંસારીયા.
ધાર્યું હરીનું થાય મુરખ માને નહીજી
અંતે પ [illegible]ીર જુતીયાં—સંસારીયા.
ભવ રે સાગરને પાર ઉતારવાજી.
રામનું નામ લે તું પ્રાણીઆ—સંસારીયા.

૫૯ મોહનીચંદ્ર.

આવશે પ્યારી, આવશે પ્યારી આવશે
અહોહોહો, મારી હૃદય મણી પદમણી પધારશે રે
હીરા મંગાવું કે મોતી મંગાવું, પ્યારીનું મન શે માનશે રે.
માળા મંગાવું કે ગજરા ગુથાવું સુંદરીને શું ફાવશે રે.
ચંબેલી લાવું કે મેંહીનો લગાવું, રસીલી શાથી રાચશે રે—
લાડુ મંગાવું કે ઘેબર મંગાવું, મોહિનીને શું ભાવશેરે.

૬૦ મોહનીચંદ્ર.

ચોકને આંગણે ચાંદની રે ખીલી રૂપેરી રંગ રંગ રે
આવો સાહેલી રંગ માનવા
હઇયા ખોલીને બેન બેનરે વાતો કરી ત્યોની વહાલની
વહાલા વસે વિદેશમાં, બાળા બાળે વેશ;
સઇયર શાણા મોકલું, શાણાને ,સંદેશ.
કુંજલડી રે સંદેશો હમારો જઈ વાલમને કહેજોજી રે
પ્રીતિ કાંઠાના હમે પંખીડા પ્રિતમ સાગર વિના સુના સુનાજીરે
કુંજલડીને વહાલો મીઠો મહેરામણ.
અમને અમૃત ખાણ વહાલા પ્રીતમ પ્રાણ—કુંજલ.
[illegible]મારા સલક્ષણો, એઠા જુઠાં ખાય;
[illegible]

તમારા સમ જો તમે મને વહાલા, વ્રુડકા સમ ખાવજીરે
પીયુ તમારૂં મનડુ માને ત્યાં જાવ છો,
ધી બર્યાં ઘેબર ઘેર રઝે છે
કુશકા ખાવેને ધક્કા ખાવ છોજીરે—પીયુ તમારૂં.
સોળ વરસની સુંદરી, સ્વામી વરસે સાઠ;
મોહુ જોઈને મોહી રહ્યા લાડકી કરતી લાડ.
પગમાં કાંટો વાગ્યો (૨)
નહિ રે જીવું હું તો નહિ રે જીવું
મારી સગી નણંદના વીર હો રાજ—પગમાં કાંટો.
તેડાવજો મારા બાપાજીને રે,
જોગી જતીને તેડાવજોજી રે—નહિ, રે.

૬૧ વીણાવેલી.

આલો મારા ચતુર સુજાણ હાં હાં
માને નહિ નયનનાં બાણ હાં હાં
કાળજે ઉતારી તારી મુરતી રસિલા પ્રાણ—ચાલો.
ઘાયલ કીધો તે પહેલા ધુતારી મારી નયનો માર ;
દાઝયા ઉપર લુણ વચન લગાડી પુરો કર્યો લાચાર
નખરેથી છેતરટ નાજુક નાજુકડી
માર્યો તેં હાય હાય ઠાર ઠાર
રસિકવર માર્યો તેં હાય હાય ઠાર.

૬૨ મોહનીચંદ્ર.

મારી લાડકડી લજ્જાને સંભારજો રે
આ પાંખ વિનાની પંખીણીને પાળજો રે
બેઉ ચતુર સુજાણ છો શું કહીએ
તોય દંપતીને આશીશ દઈએ
હળી મળીને હેતે પ્રેમ હેમ સંભાળજો રે,
મધુરા મંત્રથી પાપ લુટારાને મારજો રે
નિર્મળ મતિ જળથી ન્હાય અનિતી નિવારજોરે
જળથી છુટે માછલી નોંધારી લાચાર
ગભરાતીના ગુણવંતિ વિશ્વપતિ છે વ્હાર

૬૩ નરસી મેહેતા.

વારી વારી શું શોભે છે વીરા બીજા પાંચમા ને પોતે હીરા
પીરશું ખોબલીઓ ખાંડ ને ખીરા દેશે બેનીને બહુ હીર ચીરા
ધરણીધરનો સેવક સદા ધીરા જેને દેખીને લાજે અમીરા

કુળ આહક જમ વીરનું, બેન વિના નહિ કાય;
વંશ વધારક તાતના, દીર્ઘાયુષ તું હોય.
આપ તું આશીશ, સુખડાં પામીશ, દુખડાં વામીશ બેન—વારી.
ધન ધન મારી બેનડી, વિણુ સ્વારથ તુજ પેર;
સ્વારથ સઉ સંસારમાં, નહિ નરસીને ઘેર.
સાચી સાચી પ્રિત ચોટી તારે ચીત ગાતું મને ગીત બેન—વારી.

૬૪ વીણાવેલી.

જગતમાં તે નરને ધીકાર, તજે જે પરણી ઘરની નાર
બગાડે મુરખ તે સંસાર, ભેળવે દીવેલમાં કંસાર
અરે કેમ હાથ પડે રે અ...ર સુંદરી ઘર શણુગાર
ગુલાબના ઢગલામાં શોભે, ધગ ધગતા અંગીકાર
અંગ આપણું અળગા કહીયે, કહો ભાઇ અંગ તજીને રહીયે
અ...ર કોણુ ઠાર—જગતમાં
ભળે કેમ કેશર ખાવામાં, લસણુ તણો વઘાર
મધુર કળીમાં ડુંગળી ગુંથે, હીણુભાગી સરદાર
કુસુમ કળી કળમાઇ દીસે કરમાં છુંદે કળીને છાકી છરમાં
અર......કુંભાર,

૬૫ ચંદ્રહાસ.

ડરમાં તું દીલ સાથ છોકરા ડરમાં તું દીલ સાથ
તુંને કોઇ ન મારે લાત છોકરા
તુંને સંભાળુ પ્રિતિથી પાળુ ચાલ તને મારા મહેલ દેખાડુ:
ઘરેણા વસ્ત્ર સારા સારા કાઢુ, ચાલ તું જો મારા મહેલના ચિત્રો
રમકડાં રૂડાં ન્યારાં વિચિત્રો, અરે મારા કેવા છે કંકણુ હાથ—છો૦
તમે માયાળુ દીલ દયાળુ સઉના કહ્યા વિના હું નહિ આવું
માતપિતા તમ બાત કોપાવું, વિશ્વાળી હું સત્યજ કહાવું
નાના નહિ હું તો નહિ આવું, તમે મુકો મારો હાથ—છોકર૦

૬૬ મોહનીચંદ્ર.

પ્યારી વાતો મધુરી કરો પ્યારની, કાંઇ ખાતર કરો દીલદારની
બોને લ્હેજત જોબનના શણુગારની બોલ બાળા બોલ
મદનના બહારની
ઘુંઘટ ખોલો બાળા બોલો, જુવાની દીવાની દીન ચારની
સુણો વાતો સુણાવું વહેવારની બીક રાખો ખુદાના મારની
બધી મઝા મસ્તી આ સંસારની, નહી, આશે હજુર કીરતારની
જમડા આવી પ્રાણ પછાડે, હેવાની નાદાની મુકો પ્યારની—બધી૦

૬૭ ચાંપરાજ.

ધીટકાર છે ધીટકાર તુને નારીને ધીટકાર
ધીક તારી જાતને સુકીયો વ્યભીચાર—ધીટ.
પતિવ્રતાનું ડોળ ઘાલે પતીની સાથ તું
અંતે તુને આશું સુઝયું ધીક છે અવતાર—ધીક.
કુળ લજાવ્યું મુળ લજાવ્યું ધણી લજાવ્યો,
પ્રાણ જશે આ મારો આ તુજ કાજ નારી—ધીટ.
નફ્ટ જરા ન આવી શરમ કર્મ શું કર્યું
ધર્મ તજી ગર્મ તારો નાગણો તે વાર—ધીટ.
જોગી રાજા ભરથરી તે નારી કાજથી
મરણ રૂપ મારૂં થશે નીચ હાથ નાર—ધીટ.
ધીટકાર છે ધીટકાર તને ધીકાર ધીકાર તને
તારી જાતને ધીકાર તારી માતને ધીકાર—ધીટ.
અને ધીકાર તારી સાથ પરણનારને ધીકાર

૬૮ અશારૂમતી.

આવો આવો કુમકુમને પગલે
આવીજી ડગલે ડગલે
સુખ શાંતિ વ્યાપી સઘળે
રોકી હું ઢગલે ઢગલે
બીસો નહિ જરીએ બાળા
શા ચલાવે છે ચાળા—આવો.
પારસમણી પડખે પેઠી, બીક સઘળી હેઠી બેઠી
ચીયું જો જો ચંડાળે, સોંગતીયું હા ભુપાળે;
મુકું હું હાથ કપાળે

૬૯ સુશીલા.

ભાગ્ય વીના નર ભમતા ભવમાં ભલભલા ભારી
અતી દુખીયારા હાલત હાતા દેતુ વીહારી—ભાગ્ય.
કઇક કરતા નાચારી કઇક નર છે ભીખારી.
કઇકને અસ્વારી કેવી, લીલા છે પ્રભુજી તારી
સુશીલા સમજે પ્યારી, વિયોગે અતિ દુખીયારી
અકપતીથી લે ઉગારી, કષ્ટ કાપો કરૂણાકારી—ભાગ્ય.
કહું કષ્ટ શું ગીરધારી, વાણી ન પહોચે બીચારી
વીનતી આસે વિશુચોરી પ્રભુ દયા કર આચારી—ભાગ્ય.

૭૦ મોહનીચંદ્ર.

સે વચન (૨) વજા રાખે ભગવાન સહાય તે ધણીરે
છે વચન (૨) પરમારથ કારણ પ્રાણુ તરખલું લઉ ગણીરે
વીના વીનંતી વાદળ વરસે હરદમ ઉગે ભાણુ બાળા
તરવર ફરતાં સરવર ડગતા કોણુ કરે છે તાણુ
વીર વિક્રમ વિદેશ ભટકયો શું લેવાને લ્હાણુ
તન ધન અરપે પર ઉપકારે, ચાતુર ચતુર સુજાણુ.
પર ઉપકારીની બલીહારી જીવ્યું તેનું પરમાણુ.

૭૧ કૃષ્ણચરિત્ર.

દાણુ માગે રે દાણુ માગે.
કાનો કાંકરી મારે તો મને વાગેરે—દાણુ.
કાનો કીયા મુલકનો દાણી,
મારી નવરંગ ચુંદડી તાણીરે—દાણુ.
કાનો કીયા મુલકનો સુબો.
મારી વાંટડી રોકીને કાન ઉભો—દાણુ.

૭૨ ઉદયભાણુ.

મુને સહાય કરશે મોરારી રે વારે ચડશે ગોવરધારી.
અહલ્યાં ઉગારી મીરાંબાઇ તારી
એની ચિંતા કરીશ નહિં તું મારી
મંજારી બચ્ચાને બળતા ઉગારી,
મોક્ષ દીયો ગજેંદ્રને તારી.
દ્રૌપદીના ચીર પુર્યા
થાશે તે સહાયકારી.

૭૩ ઉદયભાણુ.

બોલો મારા પ્રેમી પોપટજી બોલ બોલો.
બોલો બોલો મેના બોલાવે, ડોલો રંગરસીયાજી ડોલો.
જરી ડોલો ડોલો ડોલો પ્યારી ડોલાવ.
મેના તારા વચનની વેણા વાગી,
લાગી લાગી લલિત લ્હે લાગી
મેના વહાલી મેના કેના કહે પણ જાગી.
જાગી જાગી અજબ જ્યોત જાગી.
પહેલાં પોપટજી ધ્યાન રામજી સભારો
બહા બહા મેના શું સતી સીતા વિચારો
ચતુર સુજાણુ સીતારામ ઉચરાવે—બોલો.

પોપટજી પાંજરૂ સોનાનું સજાવું
લાડલી હું લાલચું નથી કે લલચાવું,
સોને રૂપે શું ભીડ ભીતરની ભાગી—વાગી
ભાવના ભુખ્યા સુતાવી ભાવના ભુલાવે—બોલે
રૂડા સુદાને રંગે રંગ રમાડો,
પાંખે ધાલીને ફળ મીઠા ખવરાવો

૭૪ સરદારબા.

દશા કરે તે કોઇ નવ કરશે મુરખ કરે અભીમાન
પ્રાણી બીચારૂં તુછ મગતરૂં, કાળ કયાં અજાણ.
ઉંપદમાં મરડાઇ મરે પણ, ધાર્યું કરે ભગવાન—દશા.
નીરધનીઆ પળમાં ધનવતા ધની થયા લાચાર
સદા સુખી કે સદા દુખી, નહિં કોઇ જગતમાં રહેનાર
કુંપળ હસ્તી પાન ખરંતા તે પણ છે ખરનાર
સત્ય ટેક ખાતર જે રેહેશે, આફત અપરંપાર
નામ અમર રાખે તે જુગજુગ, જનમ્યું તેજ જનાર
નાહક આકીન છે કે નીચ જન, સત્ય સત્ય સહાયક કીરતાર

૭૫ મીરાંબાઇ.

હરીવેણુ વાય છે રે હો વનમાં, તેનો વૃદ્ધ વધ્યો, મારા તનમનમાં
ચીતડામાં ચટપટી રે હો લાગી, જીવન જોવાને હું જાગી.
રસીયાજીને રે હો રાગે, વ્યાકુળ કીધાં છે વઇરાગે
ગતમતે ભુલી રહો ગેહની, વનમાં બંશી વાગે વેહની
ધીરજ ધરીયા હો ધ્યાને, કાંકણ નેપુર ધરયા કાને.
સેજે કાજળ રે હો સાર્યા, વેહમાં બાળકને વિસાર્યા.
પ્રીતમ પરવશ રે હો કીધા, લજ્યા લોપી મન હરી લીધા.
કંઇ કંઇ વાર્ગો રે હો કંથે પ્રભુજીને મળવાં ચાલ્યાં પંથે
ત્રીભોવન નીરખ્યા રે હો તમને, અંગમાં આનંદ વાધ્યો અમને
વાલમ જાયા રે હો વનમાં, મીરાંબાઇ મહાસુખ પામ્યા મનમાં.

૭૬ મીરાંબાઇ.

ગોરી ગુણીયલ જાશુ અમારે ગામરે
નારી જપશે નીશ દીન નાથ નામ રે
માળ ધારી હાથે કહીશ સ્વામી સ્વામી
શીશ સ્નેહે નામી જેમ ભક્તિ ગામી જપે રામરે—ગોરી.
રાજકુંવર રૂડા અતિ, ભવની માંહી

એમ કરતાં કસોટી જો કંચન થાશો
ગુણ મારા ગાશો પ્રીત પાણી પાસો
હું જ રતી, થાશો આપ કામરે.

૭૭ રામ રતન.

જીવ જાતા એક જોણુ વિશ્વ સઉ વેરાન દીસે,
વીશ્વ સઉ વેરાન દીસે ક્યાંય આરામ દીસે;
સુના મંદીર સુની મેડી, સુનાં જાળી જાળીઆં
સુના દીલને સરવ આજે સળગતા સમશાન દીસે
માટીનું ખોખું તજી, એ પ્રાણ પંખાડું ગયું;
આ માટીના ગાળા મટી એ ખોખુ પણ નાના દીસે—જીવ
જીવતા જે જાણતા તો આ મારો છે.
તે પંથી તો પંથે પડયો આ જીવનો ના કામ દીસે.

૭૮

ગરીબ ગૃહસ્થાશ્રમ.

જીવ માયામાં જાય ભક્તિ કરૂ કેમ શ્રી હરી. મન મારૂ મુઝાય—
ભક્તી. (ટેક)

ઉઠું પ્રાતસકાલ. સાથે રોતા ઉઠે બાલ એતો મોટું જંજાલ (૧)
એને સમજાવું કેમ. જોઇએ પેરવાને હેમ. હવે કરવું તે કેમ. (૨)
ત્યાંતો દીન ચઢી જાય પાઠ પુજા ન થાય. જીવ ધંધામાં ધાય. (૩)
નારીકેહ વચન ઘરમાં થોડું છે અંન કાલ કયાંથી ભોજન (૪)
તમે કાંઇક લાવો શાક બેસી કેમ થયા રાંક એમાં મારો શુ વાંક ૫
એતો જુદો જંજાલ એને જોતા ચઢે કાલ થાય અગ્નિની ઝાળ. ૬
એની કરૂ ખટપટ એને છાના રાખુ ઝટ એને સમજાવું શટ. (૭)
કહે મગન મહારાજ રાખો ભક્તોની લાજ પુરો શેવક કાજ (૮)

૭૯ ગુણસુંદરી.

જાર નર નારને ધીક્કાર છે હજાર વાર—ટેક.
જાણો તેવડો ગમાર, મુરખનો સરદાર;
અપરાધી એ અપાર, સમજો સજ્જન સાર—જાર.
દામને ઉડાવનાર, વખત ગુમાવનાર,
શરીરને સુકાવનાર નરકનો ભરનાર
લાજને લુટાવનાર, જગતમાં જાણો જાર—જાર
પ્યારમાં જતો હજાર, બહુ થયા ખુવાર;
... જરી સાર, વ્યભીચારમાં લગાર;
... [illegible]

નથી નથી તલવાર, અંતરીક્ષ પ્રભુ માર મારશે અપાર.
ગદા મોગરીથી પ્રહાર,
પછી નરકના દવારમાંહી.
જમદુત હડસેલી નાંખે નીરધાર—જાર

૮૦ કામલતા.

કપટી દીલ તારૂ તપાસી જો વાંસી રહયો કાં હાં હાં
કુંવારી બાળા ફસાવી ખોટી, લટવાની તે ભુલી ગયો કાં—કપટી
વાણી મીઠી તારી ઝેરે ભરી, મારી જીંદગીને ધુળધાણી કરી
રાખ ઇશ્વરની બીક મનમાં જરી,
જાય છેક અભીમાનમાં વધ્યો કા—કપટી.

૮૧ કુલીન કાંન્તા.

અરે હું મસ્તાની પ્રેમની, મને કોઈ ન છેડોરે;
લાચાર હું બીચારી છું, શીદ લ્યો છો કેડોરે,
જુવાનીથી દીવાનીથી છું મારો છોડો છેડો રે—છેલા અરે.
પ્રાણદાન છે પ્રાતમાં પુછી કરજો પ્રીત;
પ્રાણદાન તો સેહેલ છે, કઠણ પ્રીતની રીત;
આધાર તું કીરતાર મારો પાર ખેડો રે—અરે હું.

૮૨ નવલ કુસુમ.

છોડો સામુ અરેરે (૨) જોશે કોઇ તો કેહેસે છીનાળ,
એમાં શાની ડરે છે (૨) હજુ હું છું કુંવારી બાળ;
બાળ ચંચળ બાળનો કોઇ ન ઝાલે હાથ,
તે આ બંદો પ્રેમથી પરણી થાશે નાથ;
જેવાં આ બાઇ હરખાં તેવાં આ બાઇ સરખાં,
કહે કેવી જુગતી છે જોડી, દીધી જોડાવી નહી પામી ખોડકેખોડ

૮૩

જપતી પ્રીતમની જપમાળ, જુવતી જો અલબેલી;
જોબન રસ રંગે જેની, આ બની ઘેલી,
વ્યાકુળ વૃક્ષના વિણ વહાલી વેલી—જપતી.
તન મનમાં વ્યાપી રહયો, જોબન વસંત જોગ.
રસ ભોગી રસીયા વિના, રમશો કયાં રસ રંગ.
જાણ્યું ન જડીઓ કોઇ રસીઓ રંગીલો;
ચપ ચપ કરતી હેની જા તું ચગેલી—જપતી.
પેટ દુખે શીર કુટતાં, સંકટ આ ન સમાય;
બળતાને બાળી સખી, હઇડે શું હરખાય.
આશા અંકુરો શાને છેદુ છબીલી—

૮૪

ધુંએકી ગાડી ઉડાએ લીએ નાએ
પૈસાકા લોભી ફિરંગી વારે ન્યારૂ,
જાત નહિ દેખે જમાન નહી દેખે,
ઓડીમે સબકો બીઠાય લીએ જાય,
હીંદુ મુસલમાન ભંગી ચમારસે,
ટીકીટકે રૂપઇએ છીના લીએ જાય ધુંએકી.

૮૫

ઉમાદેવડી.

જા જારે શું રીસાય, રસીલી નજર મીલાવી (લે)
ચટપટ ચીતમાં લાગી ચતુરા ચેહેરો જોવા દે;
હીરા મોતી માગ્ય મધુરી ઝાંઝર ઝુમણાં લે,
મદન અગન તનમા લાગેલી તરત બુઝાવી દે;
સમતા નથી રેહેતી રે સલુણી મરમ વચન મુકી દે.
કલ્પલતામાં છબીલી તુજ છાયે પામર પંખી લે.

૮૬ વીણાવેલી.

ઉગ્યો સખી સૃષ્ટિનો શણગાર હાંરે,
ચાલ્ય ચાલ્ય જોવાને ચંદ્રમાં
જાને પ્રેમ ઘેલી ભુમીના દેદાર,
જોને ડોલે સૃષ્ટિ આનંદમાં—ઓહો.
ધન્ય ધરા સુંદરી તને ચતુર ચંદ્ર તુજ કાંત;
શાંતિ પાઠ પઢાવતો, શાધીને એકાંત.
ધરણી પડી પતીને પાય, શીક્ષા શીરે ધરે રે
ગુણીયલ ગોરી પતિ ગુણ ગાય, શાંતી ચીત્તે રમરે રે.
ધરાને બ્હેન ધરતી માતાનું કહ્યું કાન
પ્રીતેથી કરો સંસાર સુધારસ પાન—ધરણી.
ચંદ્ર સુખે ગીતાઇને, તારાનાં સુખ શ્યામ;
સદગુણીના સુખ ભાળીને, રમે દુષ્ટતા રામ;
સખી જેને પતિનું માન, તેનાં ગંધર્વ ગાએ ગાન,
પામે દેવી સમાન સનમાન, રમે રંભા રસીક લપતાન,
ધરની નાર સમ અરધણીઓ, સેવે સ્વામી પાય;
ચતુર ચંદ્રસમ ધણી મળે, જ્યાં જ્યાં ત્યાં ઉજાય—ધર.

૮૭

ચાંદની અજવાળી રે [illegible]

જે નખરે રે તારા વાલમજીને વશ કીધા;
બજર કમાન જસ ખેચી ખુશીથી, ક્રોધ કટાક્ષ કર આલી રે
જરા નચાવ નખરાં વાલી.
જે નખરે રે તારા વાલમજીને વશ કીધા,
લટક મટક અને ચટકતી ચાલ આમ, ઝાંઝરથી ઝમકાળી રે,
જરા નચાવ નખરાં વાલી.
જે નખરે રે તારા વાલમજીને વશ કીધા,
લ્યો લટકા મટકા ચટકા આ, આલી સતાવો શું હાલીરે,
જુઓ ન ચે આ નખરાં વાલી,
જે નખરે રે તારા વાલમજીને વશ કીધા.

૮૮ ત્રીવિક્રમ.

પુનમ ચાંદની ખીલી પુરી અહીં રે,
શોભે રજની સુદર શીઆજ
હેતે રમીએ સંઘાતે સહીયર આપણે રે
માંહે જડીયાં છે નીલમ મણી નંગ—હેતે.
મળી આજે આપણે, ધરી સોળ શણગાર;
ક કંકણ ચુડી ચમક, ચંદ્ર તેજ એક તાર.
હીરા રત્ન જડીત ઉર હાર છે રે,
મોતી ગુચ્છલ લટકે છે બાજુબંધ—હેતે,
અંબોડા ફુલે જડ્યા, સર સેંથે હીંગુલ;
કીધા કુમ કુમ ચાંદલા, મુટતામાળા ઇર.
આરસ પારસમણી જડેલો ચોક છે રે,
તેમાં વસતા હઇયે નણદલ વીર—હેતે.
પહેર્યાં ઝાંઝર પ્રીતથી, ઝણુ ઝણુ કર ઝણકાર;
ફરીએ સહીયર ફુદડી, આ રજની મોઝાર.
સખી વેલીઓ ફુલી એ વિધ વિધ ભાતનીરે,
તે તો આપે છે શી સુદર સુગંધ—હેતે—પુનમ.

૮૯ પવિત્ર લીલાવતી.

બાઇ પટારો કેમ ઉઘાડ્યો જોઉ કુંચી બેસારી કેઇ;
સાહેબ બાપા બહાર ગયા છે, શું ગુંજામાં ઘાલ્યું લઇ
બધું ઘરેણું કયાં લઇ ચાલ્યાં, આમ કરી તરકટનું કામ,
પડશે માથે ત્રાસ અમારે, પાછું મુકો તમે તમામ
…વલા તું ચળી ગયો છે, પરની તારે શી પંચાત;
… એવું કહ્યાં બાપને પડશે વાત.

નીચ જાત ચાકરની તારી આખર જોડા ઉચકનાર;
આવ રાંડના હવે અડાવા, બંદા તો ચાલ્યા બહાર.

૯૦ મોહનીચંદ.

ધીરી ધીરી સુંદરી જરા ધીરી,
તારા વાંસે લીધી છે ફકીરી—સુંદરી.
નયન મીલાવો પ્યારી હસી બોલાવો
આપીશ આખી અમીરી—ધીરી.
રૂપે રીઝાવું કહો તો સોને મઢાવું,
દુર કર તું દીલગીરી—એજી દુર—ધીરી.
ધીરા ધીરા કુંવર જરા ધીરા,
સગા માડીના જાયા એ વીરા—કુંવર—જરા.
જેવી પોતાની તેવી નારી પરાઇ,
પરસ્ત્રી ભરભવ પીડા,
રાવણ રોળાણો દુર્યોધન દબાણો
કઇયા કીચકના થઇ ગયા ચુરા—ધીરા.

૯૧ વીણાવેલી.

સુંદર સામળીઆ, નામ જપીશ નીત્ય તારૂં
મનહર ના મળીઆ, કાશી કરવત ધારૂં.
શામળા શણગાર અમારા, કાળજુ હર્યું કામણગારા
વીનવે કરગરી દીન દારા, દરશન દો દીલદાર તમારા;
ક્યાં હું કહું દુખ માહુ—સુંદર,
આસપાન નહિ વાસ જહાળુ અંદર ત્રીભુવન ભાસતુ કાળું;
નીરખુ નહિ કદી મુખડું રસાળું જઈ હીમાલય ગાત્ર હું ગાળુ

૯૨ પવીત્ર લીલાવતી.

પ્રીતી પાતરની કરનાર, સરવે મુરખના સરદાર;
નીતિ નીપુણ ગણે નાદાન, પીડા પામે અપરંપાર.
જેની સાથે જન્મ તળ બાળી, માત પીતા પરણાવે,
એને ત્યાગી નિરભાગી નર, આપણી પાસે આવે—પ્રીતિ.
પતિ સુખ પકવાન સરખું, તૃપ્ત થયા નહી તેથી;
ગણીકા ગમન વમન સમ ગણવું અરે થશે શું એથી—પ્રીતિ.
શું એનાથી કારજ સરસે, એશુ શારૂં કરશે,
શ્વાન સમાન સદા અથડાઇ, મોત વગર તે મરશે— પ્રીતિ.

૯૩ ચંદ્રહાસ.

થયા અરે મળી તેજ પ્યારી તનના ઉર હમી

છેલ છબીલા રૂડા રંગીલા રાજપુત્ર પ્રખ્યાત.
જોયા ભાગે, અનુરાગે, પ્રીત લાગે, કેમ ત્યાગે,
પ્રભુ મેં તનમન તમને અરપ્યું થઇ રાજી—થયા.
કૃષ્ણ કૃપાએ તમોજ મળીયા દીલમાં જે ચિત ચહાય,
નોતુ નકી, નોતુ વકી, નિશ્ચ પકી, વિધિ લખી
પ્રીયા ઉત્તમ તન બની દેવ સુંદરી, પદમણી મળી આજે—થયા.
મહેલ જતાં તે દી તરછોડી હવે ન મુકુ હાથ;
ચાલો આતું, મન ભાવ્યું, કેમ નાવું પ્રિય કહાવું;
હવે હાજર છું તનમન ધન દેવા, જેગ પ્રેમ છાજે—થયા.

૯૪ ઉદયભાણ.

સાહેબા સલુણા નાની નણદલના વીરા,
લાલા લટકાળા મને (૨) આછા આછા ઘાટ ઘડાવો મારા સાહેબા
સરખી સહયર મળી હાંસી કરે છે
લાજી મરૂછું બાઇ (૨) વેલા વેલા સોનીડા તેડાવો મારા સાંહેબા.
નાનુ શું નાથ એક ઝુમણું ને મહીં જીણાજીણા હીરલા જડાવો
નવેસેરો મોતીનો હાર મારા સાહેબા જીણાજીણા નીલમ મુકાવો
જોગવાઇ જાસ્તી જો હોય મારા વાહલા, કંકણુને માણેક મઢાવો
ગરીબધણીને બાઇ ઝાઝુને શું કહીએ, બસ આટલેથી મનવાળી દઇએ
બાઇ સાબ મોટા એક પાણો માગી લઇએ—સાહેબા સલુણા.

૯૫ સોભાગ્ય સુંદરી.

પહેરી ચોળી લટકા મટકા કરતાં આવ્યાં
રંગે બોળી સાડી ઓઢી મન લોભાવ્યાં;
ઝંઝરના ઝણકારે ટર કંકણુના ખખડાટે
કાજળથી નેત્ર દીપાવ્યા—પહેરી.
હવે શરમાવો દાલા, શાને દીયરજી મારા;
બોલો બોલોજી બોલો બોલો
મેં કેવા તમારાં નખરાં તો જણાવ્યાં—પહેરી.

૯૬ વીણાવેલી.

કાયા કાચો કુંભ છે, જીવ મુસાફર પાસ;
તારા ત્યાં લગી જાણજે, જ્યાં લગી શ્વાસોશ્વાસ,
રાખે જેવી રીતે રામા, રંગ તેવી રીતે રહીએ—સદા.
પીપળ પાન ખરંતા, હસ્તી કુંપળીઆં;
મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપડીઆ.
નહી જેવીને તેવી નિત્ય, કોઇની નભતી જોઇએ;
... નુના રંગ, જેવી દેખી ... —સદા.

કદી મહેલો માળીઆં કોમળ છપ્પર ખાટ;
કોઇદીન એવો આવશે. ભુખ્યા ન મળે ભાત—સદા.

૯૭ પવિત્ર લીલાવતી.

સખીઓ નીજ નીજ નીતિ ધરમ સદા સંભાળીએરે;
પરમ પવિત્ર પટકુળ પહેરી પરીધાન
સાસુ સસરા માત પિતાની સેવા સાધવો રે,
ભાવ સહિત ભક્તિથી નીત ભજીએ ભગવાન
એવા ઉત્તમ ગુણથી, ઉભય સકુળ અજવાળી એ—ટેક.
નજરે નજર ન જોડીએ, નાથ વિના નર સાથ;
પર નરને નવ આપીએ, તાળી હાથો હાથ.
હસવું રમવું જમવું, એકાંતે નવ બેસવું રે;
પતિ વિણ પતિના, પણ સદ મિત્રોની સંગાથ—એવા.
નાથ વિના કરવી નહિ, વિનોદ ક્રીડા વાત;
વિશ્વ વિરૂધ ન વરતવું, ભલે તાતકે ભ્રાંત.
સજની ભ્રષ્ટ થવું નહિ, સુંદરી સદ્ આચારથી રે
નિરલજ નટ ખટની સોબત તજની સુજાન—એવા.
કુષ્ટી કદરૂપ કુબડો, નિરધન નિરબળ કાય;
મતિ હિણ પતિત પતિ મળે, એ પતિને સુર રાય.
જોડી પગ અંગુઠે દ્રષ્ટિ આધુ ઓઢીએ રે,
સુખકર સાચવીએ સઉ સાથે સંપ સદાય—એવા.
ઉંચે સ્વરે ન ઉચરવું, મુકીને મરજાદ;
લલિન બેન કરવો નહિ વડિલથી વિવાદ.
ચંચળ ચાલે ચટક મટક ચતુરા ચાલ ચાલીએરે;
શિવસુત કેશવની શીખામણ અંતર ગાદ—એવા.

૯૮ ઉમાદેવડી.

નથી જગતમાં સાથ સબંધી વિના ત્રિભુવન નાથ
શું ફોગટ ફાંફાં મારે મુરખડા ભરે આભથી બાથ.
કમળપત્રપર જળબિંદુને સુકાતાં શી વાર;
આવણની જગ ભરી વાદળીઓ, વિખરાતા, શી વાર;
જીવતર સમજવું તેવું આંખર ન લેવું દેવું
જીવ જવું છે ખાલી હાથ, અંતમાં પાપ પુણ્ય સંગાથ.
પંથી જીવ પામી ગયો, નરભવ નગર બજાર.
સોદાગર સમજી જઇ, કરો પુણ્ય વેપાર.
જીવ જવું છે ખાલી હાથ, અંતમાં પાપ પુન્ય સ'—

૯૯ વિજયા વિજય.

ધન ભાગ્ય જગાર્યાં ભમરા, છે દિલહર ડાળા કમલ;
મલાપતિ આપ હું કમલા, રસિયા રાસક શણગાર.
તું પ્રેમ બતાવે ખોટા, પાતર ધર પ્રિતિ તોટા;
નહિ ગુલાબ હજારી ગોટા રે તું છટકેલ છકેલી નાર,
શણગાર મઝા નહિ માની ફોગટ સમજે જીંદગાની
છે ધરમ કરમ ધુળ ધાણીરે—શણગાર—રસીઆ
છે વિષય વિષનો પ્યાલો જમપુર નક્કી જ્યાં ઝાલો;
બલ એળે મદનથી મહાલ્યોરે છટકેલ છટેલી નાર.
હજુ કુંવર તમે છો કાચા નથી શીખ્યા મદની વાચા
નથી નયન મુરલીએ નાચ્યારે—હજુ—રસિયા

૧૦૦ કામલતા.

મેં દુનીયાં સઘળી જોઇ, કોઇનું ન દીઠું કોઈ,
સ્વારથની જાળ પરોઇ સગપણ સૌ નાંખે ધોઇ;
આજ હોય વ્હાલાં, કાલ તેજ થાય વેરી,
અજબ સરખી એતો રીત પ્રીત કેરી,
પોતાના સ્વારથ માટે અવરને નાંખે નીચોઈ,

૧૦૧ વીણાવેલી.

કાંઇ નથી સુખસાધન ધનમાં સાપ બહુ વસતા ચન્દનમાં
સ્વામીજી સુખી વસે વનમાં—કાંઇ૦
સાબજી શી શંકરને પાર્વતી કંઇ સુખીયા કમ છે
લોક તો મુરખ એકદમ છે—ગોળ ખોળની નહિ કંઇ ગમ છે
વૈભવ ઝાંઝવાનાં જળ છે સ્વામી બદનમાં—કાંઇ૦

૧૦૨ તારાસુંદરી.

સંસાર સમજીએ શાણા મુસાફર ખાનુ
કોઇ નથી ટકયું કોઇ નથી ટકવાનું શાણા—
દુરદેશ તારો પ્યારા, અરે પરદેશી શાણા
કાલે વવારે ઉઠી તારે તો જવાનું શાણા—સંસાર૦
સગાને સબંધી તારાં પંખીનો મેળો શાણા
તારૂં જે માન્યું તેતો ન્યારૂં છે થવાનું શાણાં—
સંસારના આ ધામમાં વિશ્રામ છે ઘડી ચારતો
ઉચો ન આવે કામથી આરામના પગવારનો,
આળસ તજીશે તું સજી તજી તત આ સંસારનો,
જાવું જરૂર પડશે ઉઠી, ડંકો થતાં દરબારનો;

સજ્જની શિરોઇ નીતિ જ્યે ભરી રાખ શાણા.
ભગવત ભજન ભાતુ ભીડ ભાગવાનું શાણા. મુસાફર.

૧૦૩ રામ રતન.

રૂપ રૂપ શું કરો મુરખ જન રૂપ ઉપરે મરે
ભાગ્ય જોગે કાંઇ રોગ થાય તો રંગ રૂપ ક્યાં ઠરે
નથી હું રૂપતણી પ્યાસી, માત્ર છું ગુણની અભિલાષી.
કસ્તુરી છે કાળી તોપણ વખતે જીવન દેછે
સફેદ સોમલ સરૂપવાન તે તુરત પ્રાણ હરી લે છે—નથી હું
સુજાણ બાળા લક્ષ્મી વિણ છે, રૂપ ગુણ સર્વ નકામું
સત્ય કહું તો લક્ષ્મી વિણ છે જીવતર સર્વ નકામું
નથી લક્ષ્મી એની પાસે કરો હઠ શા સુખની આશે.
ગુણની લક્ષ્મી ગુલામ થઇને સદા પાય સેવે છે
ગુણવિણ લક્ષ્મી કોઇની રકીના કોઈ પાસે નવ રહે છે.
લક્ષ્મી ઘર ઘર ફરનારી જેમ રખડે લંપટ નારી
કોઇ સબળ શત્રુ જાગે તો લક્ષ્મી લૂંટી લેછે
ગુણ લૂંટ્યો ના લૂંટાયે એ મરતાં સાથ મરે છે—લક્ષ્મી
તો પણ સાણી સુંજાણ બાળા, હુ નથી ગોગ્ય થનારો.
રતન તેમ છો રાજ કુળનું, હુ છું દાસ બીચારો
ઊંચને ઊંચા કુળમાં ભળે, નીચને જઇ નીચમાં મળે;
પરવત શિખરે પથ્થર પાકે મણિ ખાંણમાં માગે;
નીચી ખાંણના મણીના કરતાં પથ્થર સું ચડી જાશે.
કહોને કુળને કરવું શું, ધરી શીર પથ્થર મરતું સું.

૧૦૪ પવિત્ર લક્ષ્મી.

નયન મિલાવી લે ઓ છબીલી, નયન મીલાવી લે;
ચટપટી ચિતમા લાગી ચતુરા, ચુંબન કરવા દે,
મોતનમાળા જડીયન સાડી, જે જોઇએ તે લે—રસીલી
લગની લલના લાગી રહી, તુંજ ચ્હેરો જોવા દે;
નાજુક વેલી કોમળ ખીલેલી, કળી ચુટવા દે—છબીલી.
મદન અગન તનમાં લાગી, જલદી બુઝાવી દે—છબીલી.
આલીંગન આવી અલબેલી, ભેટ પ્રેમની લે—છબીલી.
અધરામૃત રસપાન કરાવી, મધુર વચનરસ મુખ કહે—રસીલી

૧૦૫ દ્રૌપદી.

સખી સ્વપ્ન મહીં મનમોહન મેં નીરખ્યા એકાન્ત વિશે શયને,
શરમાઇ રહી રતી નાથ મહે મુખથી નહીં કાંઇ બોલાય અરે;

નિયું જોઇ રહી દગ પ્રેમ ભરી ખચુતી પ્રધની નીજ પાય અરે
કર સાહી રસીક કહે વળગ્યા કરતાં બળશેન થયા અળગા;
તુટી હાર ગયો એ રકા જકમાં કસી કંચુકીની છુટી જાય અરે,
છુટી કેશ ગયા વિખરાઇ અને ગઇ દેહ કળી કરમાઇ અરે
થયાં સ્વેદથી વસ્ત્ર ભીજાઇ અરે પણ નાંય થયા નગણાજ અરે,
મનથી મન સેજ ગયું પીગળી જેમ સાકર દુધની સંગ ભળી;
કાધ ભોજન નાથની સાથ મળી મુખવાસ સુવાસ અપાય અરે.
મુખ તાંબુલની પીચકારી ઉડી રે અચાનક નાથને અંગ પડી.
સખી તે રજની અને તેજ ઘડી ગસિયો રીસ લાવી રીસાય અરે,
સજી શસ્ત્ર શરીર શું અશ્વ ચડી રણ જાય પ્રિયુ અરે હુંથી લડી;
સખીઓ વિનવું તમ પાય પડી કરો જે રીત નાથ મનાય અરે.

૧૦૬ પ્રતાપીચંદ

રાગ. સારંગ.

નવલ યોવનના ફુલે, ખુલ ખુલે ગુલઝાર ડાલીએ ચઢી ઝુલે
નવન સુખે મલક મુખે, રસીક સંગ રસાળ.
મદ ભરી રસ રંગ ભરી ચાલે ગજ ગામિની ચાલ (ન)
રશીલા રંગીલા છબીલા બામન ભ્રમર કર્યો છેલ
છકભરી બકવાદ કરે શું જાણે હગ ડાખેલ (ન)
ઘેલી છકેલી નવેલી સાહેલી સુ સાસરે સાકર શેલ,
લુચ્ચી ચતુરી હારી હું તુંથી મારો કેડો મેલ. (ન)

૧૦૭

રાગ૦ સુ નટવર વસંત થઇ નાચી રહ્યો.
સ૦ સત્ સંગનો આનંદ અંગ વ્યાપી રહ્યો
વ્યાપી રહ્યો નહી જાયે કહ્યો—શું૦
(શાખી)
વેદ વચનથી સીધ્ધ છે મન ન કરો આવાર.
સત સંગ સર્વનું મૂળ છે સતસંગથી નીરધાર
મુક્તિ મેળવવાનું સાધન સત સગ છે. (શ)
સાણી સમય નહી આવે ગયો શું,
શાખી
સત સંગી સતીઓ થઇ, યુગ યુગ મહી અપાર
અમર નામ કરી અભય થઇ, સફલ કર્યો અવતાર
અનસુયા અનીરૂધતી બે, તારા રાણીરે
સતી સુલોચના ને સોન થઇ ઘણી સાણીરે

શાખી.

સર્મો સુભદ્રા સતી ગુણુ ગાંધારી નાર
  કૌશલ્ય સદગુણુનો ભંડાર કુન્તા થયા.
એનો સત સંગ કરો સીતા સતી—
                જાણો જરૂર મન મોક્ષ

૧૦૮

ત્યાગી બન્યા પણુ ત્યાગ ન કીધો, રાગના રહી વળગી,
ભગવાં પ્હેરી વેશ બદલ્યો પણુ, તૃષ્ણા ન થઇ અળગી;
જુઓ ભગવાના ભવાંડા, શુષ્ક વેદાંતીના ધુંવાડા,
સોહં સોહં જાપ જપે નિત્ય. વાચક જ્ઞાનની વાત;
આપ બુડયા એ અન્યુ શું તારે. પ્રબળ વિકારો ગાથ.
પડે ધરમપર ધાડાં ભારે વાનાં કુહાડા.   ત્યાગી૦

૧૦૯   કુંડલા.

આવી ઉભા, મતના માન્યા કયાંથી આવ્યા,
જોઉં ન કયાંઇ, દર્પણુમાં તો દીસો રાજા;
ઝાંઝવાના પાણી આતો, તૃષા ન ટાળે શિદ
દેખાતો, રાક્ષસી માયા કરી મલકાનો,
ડગું ન દેખી જોઇ રળીયાનો;   આવી.

૧૧૦

આવી બેસો, ઉછરંગે અલબેલી,
તું તો મારે પ્યારી પ્હેલી, આવો કરીએ કાન્તા કેલી;
ચુમ્બન દેશો આલિંગન દે હેલી,
તારા મનનો મેલજ મેલી, જોજે થતી હવે નહીં ઘેલી;
આઘા જાઓ નહીં મલચાવો, ભામનિ ભોળવવી શું ધારી;
આજ સુધી નવ જોયું સામું, સાચું વદનારા કેમ માનું;
મુખના મિઠા, આજ દીઠા, દુર જયરે થઇ શોકો મારી. આવી૦
વાલી મારી, બોલી તારી, ટળી શકું નહી હું ન્યારી;
શોકો તારી કોણુ બિચારી, બોલ વીચારી, ઘુંઘટ ટાળી;
મહાલસા કુન્ડલાથી હારી, કરવા આવ્યા મને નારી;
જોઇ લેશો. મુખડાનો આ મટકો,
આયલને દાળે આ લટકો જો જો જોઇને નવ ફટકો

૧૧૧

મનસુખા—મ્હેમાન થયા તમે મ્હારાં,
અમારાઓ—સ્વીકારશો   મ્હેમાની.

અનસૂયા—મ્હેમાન કરે મ્હેમાની–દુનિયા કહે દીવાની. (૨)
લક્ષ્મી—ધરી વસ્ત્રાભૂષણ અંગે. (૨)
કરો રમત ગમત અમ સંગે. (૨)
રતિ—ઝુઝીએ મદનના જંગે,
અપ્સરાઓ—સ્વીકારશો મ્હેમાની.
અનસૂયા—જેવી નીર વિનાની સરિતા. (૨)
તેવી વ્હાલા વિણુ વનિતા. (૨)
બીજી વ્યર્થ બધી મસ્તાની
દુનીયા કહે દીવાની (૨)
લક્ષ્મી—કંઠે ધરો કુસુમની માળા, (૨)
પ્હેરો નીલમ હાર રૂપાળા. (૨)
શિર ઉપર મુગટ છોગાળા. (૨)
અપ્સરાઓ—સ્વીકારશો મ્હેમાની.
અનસૂયા—જેના પતી વસે પરદેશે,
તેને રહેવું શા વેશેરે (૨)
બીજી વ્યર્થ બધી મસ્તાની
દુનીયા કહે દીવાની. (૨)

૧૧૨

નર્મદા—મનસુખા માળી તન બાગે બીજ વાવો જે દીલ ચ્હાય,
સુંદર ફળ ભારી ઇંદ્ર વરણુનાં ખાવા મન લલચાય,
કોઇ વાવે કેતકી કે કેવડો ચંબેલી સારી,
કોઈ વાવે મોગરો ગુલાબ ગુલહજારી.
કોઇને જુઇ લાગે પ્યારી,
જાસુંદી કામણુગારી,
વલ્લાને ડાળે નહીં ફળશે શ્રીફળ પણુ ટેટા થાય થાય—મન
હિંગ હજાર છુપાવતાં, વાસ છુપાશે કેમ,
છાનાં પાપ અમાપની, છાપ પ્રગટશે એમ—મનસુખા.

૧૧૩

નરવીણુ જગમાં નારતણી કીમત કોડી કહાવે,
હલકું બોલી ગણી અબળાનું જુદાં આળ ચડાવે.—નાર.
વ્હાલાં પણુ વેરી થઇ જેને જેમ ફાવે તેમ બોલે,
કંથ વિનાની કામિનીનું જીવતર તરણા તોલે.—નાર.
કૂડ કપટ ભરી કુલટાઓ લાલચ દઇ લલચાવે.
[illegible] વીના, ભામાની લાજ લુંટાવે.—નાર.

નારદ— ૧૧૪

નહીં બીજ કોઈ ગણી, ગરજ સમ નહીં બીજ કોઇ નણી
માનવતનિજ માન મૂકી, દુશ્મનને પડતાં હળી–ગરજ
પાર્વતી–બળીયા પણ નિર્બળને નમતા, રાય રંક ઘર જાય,
સાવિત્રી–સોંઘું પણ મોંઘું થઇ બેસે. કળા શકાય ન કળી–ગરજ.
લક્ષ્મી–સમયાધિન થઇ ઝેર હળાહળ, પીવું અમરત ગણી
નારદ–જઇ મહાસતીને શીષ નમાવો–જાય આપદા ટળી–ગરજ.

૧૧૫

કુન્દન—ઉપકાર અનુપમ થયો સુંદરી, દે બદલો કિરતાર !
માણેક—સત્કાર વિસરીયે કેમ જાતીતીનો જે છે અધિકાર.
કુન્દન—વસ્તુકરતાં વહાલ કિમતી છે !
માણેક—કાંડી તે કિમતી શું રતી છે !
કુન્દન—કાંડીના બળપર સૃષ્ટિનો છે સઘળો આધાર.
માણેક—કાડી શું દીવા દાંડી છે ?
કુન્દન—ગૃહ-જીવનની સુખ–હાંડી છે;
માણેક—"ચેકયૂ-વેરીમચ"
કુન્દન—"ગુડબાય :—ઉપકાર.

૧૧૬

(ઉરતાદી.)

બોલું કયાં મેરે પ્યારેકી બતીઆં (૨)
બોલું કશાં મેરી છોટીસી છતીયા
નધરીચેન, સધરીરેન ચુમી ચુમી
બદન સયનમેં દુઃખ કરી ડારી
પકરી જુગલ કરી સયન બસન કરી
મરોરડારે બસકો મેરેકા મેલ અંગ. બોક
એસે નીરદય નાથકો સન્ગે કરના સંગ
ત્રેસ બઢયોત નમે અતિ, રદયકો ભયો હુલાસ
તેમેં એસો જાનતી, તો ના જાતી પીયુકે પાસ

૧૧૭

(કૃશ્ન—રાધા રાસ)

કહ્યું ના માને જસોદાજી રોકાન. (૨)
એ કોરે ગંગાબાલા, ઓલી કોરે જમના
બીચ ગોકલીયું રૂડું ગામ—
વંદ્રા વનમાં વાલે રાસ રચ્યો છે
સોલશો ગોપીમાં ઘેલો કાન

રૂડા રાધાના મંદીરીયાં તજીને
નીચના લીધા છે તમે ધાન—કહ્યું
બાઈ મીરાં કહે છે પ્રભુ ગીરધર નાગરએ
હરી ભજવામાં મારૂ ધ્યાન.

૧૧૮ — ઉદયભાણુ.

બાળા ભોળારે કુમારકા પરણીને પસ્તાયારે
પહેલાં ફુલી થયાં ફાળકા, હઇડામાં હરખાયારે
ચાર દીન વહુ લાડકા, મનડામાં મલકાયા રે
મેં તો જાણ્યું કે બાઇ ફુલડે પુજાશું;
ખાજાં જલેબી નીત નીત ખાઇશું.
મેં આગથી મનમાં ધાર્યું માનભકી મરડાઇશું;
નણદીના પીરાને ઘડી ટીંગળાની આગોળે જુ પાઇશું રે
મોહન મળીયા, વાતમાં વઢીયા—
નળીયા ખખડીયાં, વાણી કચદીયાં (લે રાંડ દીવો)
મેં કહયું. ઉહું (૨) ચડગ્રમાં ચડીઆ, ખુબ કકળીઆ,
ઉહુંનું ઓસડ ધોકા પડીયા—પરણી
પરણ્યો પીટયો પરઘેર ભટકે ઘરમાં ન ખાવા પીવા રે
વરણાગીમાં વાંકો હીંડે, પતિ કુળ એવા દીવા રે

૧૧૯ — વિષુધ વિજય.

પ્રેમનો કોલ દીધો રાજકુમાર મારા થઇ ચુકયા પ્રાણ આધાર
મારા રસીયા રાજકુમાર—પ્રેમનો.
લીઓ કોલ આ પ્રીતથી, ગણો સદાનો દાસ;
રસીયા રસ બસ કરીને બાંધી પ્રેમનો પાસ—પ્રેમનો
મધુર મુખ જોયા વીના, ક્ષણ હવે રહયું નવ જાય;
ધર્મ વિધિથી હસ્ત મેળવ્યા, વિના ચુંબન નવ થાય.
પ્રેમનો કોલ દીધો રાજકુમાર.

૧૨૦ — ઉમાદેવડી.

હરમાન ઘરમાંકી હડીઓ કરે ત્યાંનો કેવી રીતે બેટા બાઉ મને
ઘંટીના ગાળાને બંટીના કાકા ત્યાં ખીરને ખાંડનું કેહેતું મને
મારે તો માડી નહીં બસ બાઉ, ખાઉ તો બાઉજ્યા ઉજખાઉં
જા જા પીટયા હું તો કયાં લેવા જાઉ—હરમાન.
માડી મને બાઉ, ઉહુ મન બાઉ,
કાળા મોંનાલા મમ કાળજુ ખાઉ—હરમાન
... ... હ‌ઇ મને બાઉ, મને ... ... (૨)

મળતા પુસ્તકોનું સુચીપત્ર.

વારતાનાં પુસ્તકો.

માંડવગઢની મોહની ૦—૮—૦
અણુતારા ૦—૮—૦
અંધ સારંગીવાળો. ૦—૬—૦
દેવીપુત્ર બાલંમજી પરમાર
ભાગ. ૧ લો. ૦—૧૨—૦
„ ભાગ. ૨ જો ૦—૧૨—૦
પૃથુસિંહ પરમાર ભા. ૧લો. ૦—૧૨—૦
„ ભાગ. ૨ જો. ૦—૧૨—૦
તકદીરના તમાસા ૦—૪—૦
રૂપગુણ સવીતા ૦—૬—૦
લાલા વાઘેલી ૦—૪—૦
સ્ત્રીઓના ચરીત્રો ૦—૬—૦
હરીબલ મચ્છી ૦—૮—૦
ખંભાતનો ખુની ૦—૮—૦
બાદશાહ અને બીરબલ
બાર ભાગ. ૦—૮—૦
મીઠી મધુરી વાતો ૦—૮—૦
સ્વર્ગની સુંદરી ૦—૮—૦
ચતુરસીંહ ઠગ્યુરો ભા ૧ લો ૦—૪—૦
„ ભાગ ૨ જો ૦—૪—૦
„ ભાગ ૩ જો ૦—૪—૦
„ ભાગ ૪ થો ૦—૪—૦
ગમ્મત ઘંટ પેટ દબાવી હસવાનું
પુસ્તક ૦—૪—૦

વારતાનાં પુસ્તકો.

ચંદ્રરાજ પ્રભાવતી ૦—
રાજ કઠીયારાની વારતા. ૦—૧.
વીણાવેલી —
વીર કુમાર ૦—
મોહનીચંદ્ર ૦—
અજબ મોહની ૦—૪—
ભોજ કરી કાળીદાસ ૦—૬—૦

ભાષણ સાથે મોટાં નાટકો.

ભરથરી ચીત્રો સાથે ૦—૬—૦
બીલ્વમંગળ ઉર્ફે સુરદાસ ૦—૬—૦
જગદેવ પરમાર ૦—૮—૦
ચાપરાજહાડો ૦—૮—૦
હરીશ્ચંદ્ર તારામતી ૦—૮—
ગોપીચંદ ૦—૬—૦
રાણકદેવી ૦—૬—૦
સુદામાજી ૦—૨—૦
વનરાજ ચાવડો ૦—૬—૦
લીલાવતી નાટક ૦—૮—૦
અભીમન્યુ ૦—૮—૦
સુરેખા હરણ ૦—૬—૦

જાદુનાં પુસ્તકો.

દેવતાઈ જાદુગર ચીત્રો સાથે ૦—૮—૦
જંગી જાદુગર ૦—૪—૦
જાદુકળા પ્રકાશ ૦—૧૨—૦